# નગરના ખ-૬ સર્કલની કરૂણતા ઉજ્જડ બનેલું સર્કલ ઉજાસ જંખે છે

ગાંધીનગર, તા. ૫

રાજ્યના પાટનગરની શોભાની અદ્‌ભૂત છબિ રાજ્યના પ્રજાજનોના માનસ ઉપર છવાયેલી છે. પરંતુ પાટનગરના ભીતરમાં સમાયેલુ અશોભનીય દશ્ય શહેરવાસીઓ જ અનુભવતા હોય છે. જેને તાજેતરમાં જ નામાભિધાન કરી કરૂણા સર્કલ નામ આપવામાં આવ્યુ છે. તે ખ-૬નું સર્કલ ઉજ્જડ અને વેરાન બની શહેરની શોભાને કનડી રહ્યુ છે. છતાં તંત્રની ઉદાસીનતા પૂર્ણ થઈ નથી. સત્વરે આ સર્કલને વિકસીત કરી શહેરની શોભામાં અભિવૃદ્ધિ થાય તેવી માંગ શહેરીજનોમાં ઉઠવા પામી છે.

ગાંધીનગર શહેરને રળીયામણ બનાવવા તંત્ર દ્વારા અનેક પ્રયાસો થકી કરોડોના ખર્ચ થઈ રહ્યા છે. છતાં પણ જે વર્ષોથી બંધાઈ ચુક્યા હોય તેવા કામો પ્રત્યે સહેજ પણ ધ્યાન અપાત નથી. આવી દુર્લક્ષ ભાવનાનો ભોગ બનેલા અને જેની કરૂણતા ઉપર શહેરીજનો દુ:ખી થઈ રહ્યા છે તે ખ-૬ના કરૂણા સર્કલની અવદશા પણ આવી જ બની છે.

મહાત્મા ગાંધી મંદિર બનાવી આ ખ-રોડને સુંદરતા આપવા તેમજ શોભનીય બનાવવાના તંત્રના પ્રયાસને આ સર્કલ અળખામણું હોય તેમ લાગી રહ્યું છે. ફક્ત ખ-૬ અને કરૂણાસર્કલ બોર્ડ લગાવી તંત્રએ કામગીરી પૂર્ણ કરી હોય તેવું દશ્ય લાગી રહ્યું છે. શહેરના અનેક સર્કલોને સજાવવા પાછળ તંત્રએ કમર કસી છે ત્યારે આ સર્કલને રળીયામણુ અને આકર્ષક બનાવવા કેમ ઉદાશીનતા દાખવી છે તે પ્રશ્ન સ્થાનિક રહેવાસીઓ કરી રહ્યા છે.

ગાંધીનગરની ઓળખ એવા મહાત્મા ગાંધી મંદિર માર્ગ ઉપર આવેલા આ સર્કલની દયનીય સ્થિતિ આલબેલ પોકારે છે. મહેસાણા, વિસનગર, કલોલ, અંબાજી, આબુ તરફ સંકળાયેલા માર્ગ ઉપર જ પાટનગરના આ સર્કલની કારમી કરૂણતા અશોભનીય છે ત્યારે તંત્ર દ્વારા આ અંગે ત્વરિત પગલાં લેવાય તેવી માંગ ઉઠી છે.

# સરગાસણ-આદીવાડામાં જાહેરનામાના ભંગ બદલ પાંચ સામે ફરિયાદ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર એસ.ઓ.જી.ની ટીમે આજ સવારે કલેકટરના જાહેરનામાના ભંગ બદલ સરગાસણના બે દુકાનદારો અને આદીવાડાના ૩ મકાન માલિકો વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી. આ મામલે સેકટર-૭ અને સેકટર-૨૧ પોલીસે અલગ અલગ કેસો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર એસ.ઓ.જી.ના પી.આઈ. એમ.જે. સોલંકીને ખાનગી રાહે બાતમી મળી હતી કે સેકટર-૭ પોલીસ મથકની હદમાં આવેલ સરગાસણ ચોકડી પાસે સિધ્ધિ વિનાયક કોમ્પ્લેક્ષમાં જય જગદીશ પાર્લરના સંચાલક ગૌરાંગ કાળીદાસ આચાર્ય તેમજ ભેરૂનાથ કિરાણા સ્ટોરના દુકાનદાર પન્નાલાલ-રાયમલજી ગુર્જર જુદી જુદી કંપનીના સીમ કાર્ડ ગ્રાહકોને વેચાણ અર્થે આપે છે. અને તે વેચાણ આપેલા સીમ કાર્ડ બાબતે કોઈ પણ પ્રકારનું રજીસ્ટર ધરાવતા નથી તથા સેકટર-૨૧ પોલીસ મથકની હદમાં આવેલ આદીવાડા ગામે રહેતા મકાન માલિક રઘાભાઈ લાલાભાઈ રબારી, અમૃતભાઈ ખેંગારભાઈ રબારી અને ઈશ્વરભાઈ માણકાભાઈ રબારીએ પોતાના મકાન પરપ્રાંતિયોને ભાડે રહેવા માટે આપ્યા છે. પરંતુ તેઓની કોઈ પણ વિગતો સેકટર-૨૧ પોલીસ મથકમાં આપી નથી જેથી આ બંને બાતમીના આધારે એસ.ઓ.જી. પી.આઈ. એમ.જે સોલંકીએ તેમની ટીમના પુનમભાઈ, રાજુભાઈ, અંકુરભાઈ, હિંમતસિંહ અને રશીકભાઈ વગેરેને સાથે રાખી બાતમી સ્થળે દરોડા પાડયા હતા અને કલેકટરના જાહેરનામાનો ભંગ કરનારા દુકાનદારો વિરૂધ્ધ સેકટર-૭ પોલીસ મથકમાં અને મકાનમાલિકો વિરૂધ્ધ સે-૨૧ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. સેકટર-૭ પોલીસ અને સેકટર-૨૧ પોલીસે અલગ અલગ મામલે ગુનો નોંધી પાંચેય આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ગાંધીનગરમાં રહેણાંક વિસ્તારોમાં ગેરકાયદેસર હોસ્ટેલોનો રાફડો

## સ્થાનિક વસાહતીઓ યુવાન છોકરાઓના વાણી-વર્તન, વ્યવહારથી પરેશાન

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરમાં છેલ્લા ઘણા વર્ષોથી હોસ્ટેલોનો રાફડો ફાટ્યો છે. શાળાઓ અને કોલેજોમાં દૂર-દૂરથી અભ્યાસ અર્થે આવેલા બાળકો, યુવાનો હોસ્ટેલની સસ્તી અને સારી વ્યવસ્થા માટે મકાન માલિકોને કે એજન્ટોને પકડે છે. એજન્ટો રહેવા ખાવા પીવા માટે મોટા મકાનોમાં કે પછી જે તે સોસાયટીમાં મકાનો ભાડે રાખીને હોસ્ટેલ ચલાવી પરપ્રાંતીયોને રાખે છે. પરપ્રાંતીય કે અશિસ્ત, અસંસ્કારી છોકરાઓ દિવસ રાત જોયા વિના પડોશીઓને ગેરશિસ્ત અને ગેરવર્તણૂંકથી પરેશાન કરતા હોવાની ફરિયાદ સ્થાનિક રહીશો દ્વારા ઉઠવા પામી છે.

રાજધાની વસાહત સેવા મંડળના પ્રમુખ રજુજી ગોલે આ બાબતને સમર્થન આપતા જણાવ્યું છે કે, ગાંધીનગર સેક્ટર-૨૫ સૂર્યનારાયણ સોસાયટીમાં, સેક્ટર-૨૭, સેક્ટર-૩, સેક્ટર-૭ વગેરેમાં હોસ્ટેલનો ધંધો ધમધોકાર ચાલે છે. રાતના સમયમાં મોડા સુધી છોકરાઓ મોટરસાયકલ લઈને ફરતા હોય છે અને જેના ઘરની બાજુમાં હોસ્ટેલ આવેલી હોય તેમને વધુ છોકરાઓ હોવાના કારણે સ્થાનિક વસાહતીઓને ઘણી મુશ્કેલીઓ પડતી હોય છે.

સેક્ટર-૨૫માં સૂર્યનારાયણ સોસાયટીમાં બગીચાની બાજુમાં ઈન્ટર રોડ પડે છે ત્યાં ગેસ્ટહાઉસ જેવું ખોલેલું છે. રાતના સમયમાં ત્યાં ઘણી અવરજવર રહે છે. સેક્ટરની દીકરીઓને આવવા જવામાં પણ ઘણી મુશ્કેલીઓ પડે છે. રાતના સમયમાં ચોરીનો ભય પણ રહે છે. મકાન માલિકો હોસ્ટેલ ભાડે આપે છે. પણ પોલીસને જાણ કરતા નથી. હોસ્ટેલમાં રહેતા બાળકો, યુવાન છોકરાઓ મોટે ભાગે આજુબાજુમાં રહેતા પડોશીઓનો વિચાર કર્યા વિના ગમે તેમ અપશબ્દો બોલે છે. ખરાબ વર્તન કરે છે. નિયમિત અભ્યાસ કરવાને બદલે મોડી રાત સુધી લાઈટો ચાલુ રાખી, સીડી વગાડીને તોફાન-મસ્તી મનફાવે તેમ કરતા હોય છે. સેક્ટરમાં રહેતી બહેન-દીકરીઓ પર ખરાબ નજર નાખે છે. બાઈકો લઈ પાછળ પાછળ જાય છે. કેટલીક પ્રાઈવેટ ઈન્સ્ટીટ્યૂટમાં પણ આ ગેરવ્યવસ્થા જોવા મળી રહી છે. સેક્ટર-૭માં યુવાનો માટે સ્પર્ધાત્મક પરીક્ષાના ક્લાસ ચલાવતી ઘણી સંસ્થાઓ પ્રાઈવેટ મકાનોમાં ધમધોકાર ચાલે છે. દિવસ આખો યુવાન છોકરા છોકરીઓ ગાડીઓ લઈને ફરે છે. કેટલીક સંસ્થામાં તો ટ્યૂશન ક્લાસ અને સાથે સાથે હોસ્ટેલ પણ ચાલે છે. માત્ર ૧૦,૦૦૦ હજારના ભાડામાં ૨૫ વિદ્યાર્થીઓને રાખીને મહીને ૩૦૦૦ કે ૪૦૦૦ સુધીની ફી ઉઘરાવે છે. લાખો રૂપિયાનો ગેરકાયદેસર રીતે ધંધો કરતા આવા લોકો સામે તાત્કાલિક પગલા લેવાય તેવું સ્થાનિક વસાહતીઓ ઈચ્છી રહ્યા છે.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)



# શ્રાવણ માસ નિમિત્તે તાજપુર કુઈ શાળા ખાતે બાળકોને મિષ્ટાન્ન ભોજન પીરસાયું

હાલમાં સમગ્ર ગુજરાતમાં પવિત્ર શ્રાવણ માસમાં શિવ દેવાલયોમાં શ્રધ્ધાળુ દ્વારા વહેલી સવારથી બિલીપત્રો, દૂધ-પાણીથી પૂજા અર્ચના થઈ રહી છે. આ માસમાં ઉપવાસ અને દાન પુણ્યનો મહિમા અનેરો રહ્યો છે. પરિણામે પ્રાંતિજ તાલુકાના તાજપુર કૂઈ ખાતે આવેલી તાજપુર વિભાગીય સાર્વજનિક હાઈસ્કૂલમાં દર વર્ષે શ્રાવણ માસની ઉજવણી નિમિત્તે શાળાના બાળકોને શાળા પરિવાર દ્વારા મિષ્ટાન્ન ભોજન પીરસવામાં આવે છે તવો કાર્યક્રમ યોજાતા શાળાના બાળકો સમુહમાં બેસીને મિષ્ટાન્ન ભોજનનો સ્વાદ માણતા ભુલકાંઓ નજરે પડે છે.

# વરસાદ ખેંચાતા લીલા ઘાસચારાની શોધ કરવા ખેતરે ખેતરે ઘુમતા પશુપાલકો

ચિલોડા, તા.૫

હાલ ગુજરાતમાં શ્રાવણ-અષાઢ માસ કોરો ધાકોરથી વરસાદ ખેંચાતાં દિન પ્રતિદિન ધરતીપુત્રો તથા પશુપાલકોનું પશુધન માટે લીલા ઘાસચારાની તીવ્ર અછતના ઓળા ઉતરી રહ્યા હોય તેવું જણાઈ રહ્યું છે. હાલમાં એકમાત્ર કપાસ તથા લીલા શાકભાજીમાં ગવાર, દૂધી-ભીંડાનું વાવેતર ખેડૂતો મન મૂકીને મહેનત આદરી રહ્યા છે. પરિણામે નજીવા આર્થિક પાસાં મદદરૂપ થઈ રહ્યું છે. છતાં કપાસ તથા શાકભાજીમાં શરૂઆતથી ખેડૂતો દ્વારા નીંદામણ સદંતર કાઢી નાખતાં હાલમાં લીલા ઘાસનું મળવું મુશ્કેલ બન્યું છે.

જયારે હાલમાં ચિલોડા પંથકમાં પિયત દ્વારા લીલી જુવારનું ઘાસ લેવા સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા વિસ્તારના પશુપાલકો પોતાની ટ્રકો લઈ ઘાસચારો મેળવવા ખેતરે ખેતરે લીલા ઘાસચારાની શોધમાં ઘુમી રહેલા પશુપાલકો નજરે પડે છે. હાલમાં લીલા ઘાસચારાનો ૧ મણનો ભાવ રૂ. ૨૫ના ભાવે ખરીદી કરવા પશુપાલકો તૈયાર હોવા છતાં લીલો ઘાસચારો ન મળવાના સંકેતોથી નિરાશાજનક સ્થિતિ જોવા મળે છે.



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## બ્રહ્મભવન સે. ૧૬ ખાતે આજે ભસ્મ આરતી યોજાશે

ગાંધીનગર, તા. ૫

શહેરના સેક્ટર-૧૬ ખાતે નવનિર્માણ પામેલા સોમનાથ મહાદેવ મંદિર ખાતે તા. ૬ ઓગષ્ટના રોજ ભસ્મ આરતી તથા નૃત્ય અને સમુહ આરતીનું આયોજન કરવામાં આવ્યું છે. સાંજે ૭.૧૫ કલાકે બ્રહ્મભવન સેક્ટર-૧૬ ખાતે આવેલા સોમનાથ મહાદેવ મંદિરના ગર્ભ ગૃહમાં ભસ્મ આરતી તથા બાજુમાં આવેલા સભા ખંડમાં ૧૦૦૦ દીવડાઓની નૃત્ય આરતી તથા સમુહ આરતીનો કાર્યક્રમ યોજાશે. ઉપરાંત મહિલા મંડળ દ્વારા આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. બપોરે ૨ થી ૫ કલાક દરમ્યાન બહુચર મંડળ દ્વારા આનંદનો ગરબો યોજાશે. જેનો ભાવિક ભક્તોને લાભ લેવાનું જણાવાયું છે.

## આજે અંબાજી મંદિર, સે-૨૪માં સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગરના કથાકાર દિલીપ ભારતી ગોસ્વામી અને બાલ કીર્તનકાર હિરલ ગોસ્વામીની વ્યાસપીઠે આજે તા. ૬ ઠ્ઠી ઓગષ્ટ ૨૦૧૨ને સોમવારે રાત્રે ૮.૩૦ કલાકે અંબાજી માતાજીના મંદિરે, શિવમ એપાર્ટમેન્ટ પ્રાથમિક શાળા પાસે, સેક્ટર-૨૪ ખાતે સુંદરકાંડના સંગીતમય પાઠ યોજાશે. શિવમ ધાર્મિક ટ્રસ્ટ દ્વારા યોજાનાર ધાર્મિક પ્રસંગમાં ઉપસ્થિત રહેવા સૌ ભકતજનોને ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## આજે ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની મીટીંગ મળશે

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની કાર્યવાહક સમિતિ તથા સભ્યોની એક સભા સંસ્થાના પ્રમુખશ્રી લવજીભાઈ વાડીયાના અધ્યક્ષ સ્થાને તા. ૬ ઓગસ્ટના સોમવારે સાંજે ૫.૦૦ કલાકે નમન એપાર્ટમેન્ટ, સેકટર-૨૧ ગાંધીનગર ખાતે મળશે. આ બેઠકમાં હાજર રહેવા માટે મહામંત્રી મૂળજીભાઈ પરમાર દ્વારા જણાવેલ છે.

## વાસણીયા મહાદેવ મંદિરે શિવ મહાપુરાણ કથાનો પ્રારંભ

ગાંધીનગર જિલ્લાના વાસન ગામે વૈજનાથ મહાદેવ મંદિરમાં સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે શિવ મહાપુરાણ કથાનું તા.૪થી ઓગષ્ટથી ૧૨મી ઓગષ્ટ દરમિયાન આયોજન કરવામાં આવ્યું છે.

વાસણીયા મહાદેવ મંદિરે દરરોજ બપોરે ૨.૩૦ કલાકે સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે શિવ કથાનું રસપાન કરાવવામાં આવી રહ્યું છે. શિવકથાના ત્રીજા દિવસે માતાજી પ્રાગટય પ્રસંગ રજૂ કરવામાં આવ્યો હતો. સૌ ભકતજનો તેનો લાભ લઈ રહ્યા છે.

# એક વિધુર બાપને દીકરીઓનો આવો સ્નેહ મળે પછી તેને પત્નીની વિખુટા પડવાનો વસવસો રહે ખરો? સાચે જ દીકરીને વ્હાલનો દરિયો કંઇ અમસ્તો કહેવાયો હશે?


**સંબંધ સજાવે જિંદગી**

**પપ્પા એટલે પારસમણિ**

- પોપટલાલ પ્રજાપતિ

gsrelation@yahoo.com

'પપ્પા, સમયસર જમી લેજો, બહુ દોડાદોડ કરશો નહિ, તબિયતનો ખ્યાલ રાખજો, વ્યવહારિક રીતરિવાજો કે જવાબદારીઓથી મુંઝાતા નહિ અમારી જરૂર પડે તો ગમે ત્યારે ફોન કરી બોલાવી લેજો.' આ શબ્દો છે સાસરે ગયેલી દીકરી રૂપલબાના. દીકરીને ખબર છે પાંચ વર્ષ પહેલાં મમ્મી મૃત્યુ પામી ત્યારથી પપ્પાના જીવનમાં ખાલીપો છે. તેમના દિલમાં બેચેની છે છતાં વેદના વ્યક્ત કરતા નથી. દિલની વેદના દિલમાં જ ભંડારી સદાય હસતું મોં રાખી અમને આવકારે છે. અમને મમ્મીની ખોટ કયારેય વરતાવા દીધી નથી. જો કે એ હકીકત છે કે દીકરી પિયરમાં પગ મૂકે એટલે મમ્મીની યાદ આવે જ. એનો પ્રેમાળ હાથ માથઆ પર મુકાય એટલે જિંદગીની તમામ વ્યથાઓ નિર્મૂળ થઈ જાય. મમ્મીનો જોતાં અનાયાસ આંખમાંથી હરખનાં આંસુ ટપકી પડે આ સ્વાભાવિક ઘટના છે. એના માટે પ્રસંગોની રાહ જોવી નથી પડતી. પણ રૂપલબા કરે છે મમ્મી એટલે મમ્મી, વાત્સલ્ય



અને મમતામાં એની તુલના કોઈ સાથે થઈ ન શકે એ ખરૂં છતાં મારા પપ્પા એટલે પપ્પા... અમે સાસરેથી આવીયે એટલે અમને જોઈએ ગાંડાઘેલા થઈ જાય બધા કામ પડતા મુકી અમારી સાથે વાતોએ વળગે. અમોને સુખદુ:ખના સમાચાર પુછે અને જિંદગીને હિંમતથી જીતવાની હામ પુરી પડે. વળી તેઓ અમને હંમેશા સલાહ આપે કે સાસુ સસરાની હામ પુરી પાડે. વળી પક્ષની કોઈ ફરિયાદ ન આવવી જોઈએ તેનો ખ્યાલ રાખજો. જયારે રૂપલબાના લગ્ન થયા ત્યારે મમ્મી હયાત ન હતી. પણ પપ્પાએ આ ખોટ જરાય વર્તાવા દીધી નથી. તેમની કોઈ માગણીનો પપ્પાએ કદી ઈન્કાર નથી કર્યો. જિંદગીના ઉત્તરાર્ધમાં મમ્મીનો સાથે ગુમાવનાર પપ્પાની વેદના અને સમજી શકીએ છીએ, માટે તો સાસરે ગયા પછી અમે ચાર બહેનો ધનલક્ષ્મીબા, પારૂલબા, સોનલબા, અને રૂપલબા સતત પપ્પાની ફોન દ્વારા ય સંભાળ લઈએ છીએ. રૂપલબા કહે છે પપ્પા પણ નોખી માટીના જીવ છે. જાહેર પ્રવૃત્તિમાં રચ્યા પચ્યા રહેતા હોવા છતાં અમારી સતત સંભાળ રાખે છે. કયારેક ફોન દ્વારા તો કયારેક રૂબરૂ આવી માથએ હાથ ફેરવી. આ ત્રણે ભાગ્યશાળી દીકરીઓનાં ભાગ્યશાળી બાપ એટલે કેશરીસિંહજી. બિહોલા. સરકારના નિવૃત્ત કર્મચારી અને ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ તેમના પત્નીનું પાંચ વર્ષ લાંબી બિમારીમાં અવસાન થયું છે. કેશરીસિંહ કહે છે મારી દીકરીઓએ મારી જિંદગીના ખાલીપાને પુરો કર્યો છે. તેઓ મારી નાની નાની વાતોનીય ખુબ કાળજી લે છે. સાસરે ગયા પછી પણ ફોન દ્વારા કયારેક મને ઠપકો આપે છે તો કયારેક શિખામણ આપે છે. તેમના ઠપકામાંય નર્યો સ્નેહ નીતરતો હોય છે. તેમની લાગણીઓની ઉપેક્ષા કરવાની મારામાં જરાય હિંમત નથી. મારી તબિયતની ચિંતા કરતાં તેઓ કયારેક રડી પડે છે. ત્યારે મારે તેમને સાંત્વના આપવી પડે છે કે બેટા! તમારા આશીર્વાદ હોય અને સ્નેહભરી લાગણી હોય પછી મને વળી શું થવાનું હતું? કેશરીસિંહને બે દીકરાઓ પણ છે. દીકરાઓ તરફથી પણ તેમને કોઈ ફરિયાદ નથી બંને આજ્ઞાંકિત પુત્રો છે. પણ દીકરાના સંબંધમાં ફૉર્માલીટી હોય છે. જયારે દીકરીના સંબંધમાં લાગણીની ભીનાશ હોય છે. એક પ્રસંગ યાદ કરતાં કેશરીસિંહ કહે છે. એકવાર મારી દીકરીઓને કયાંકથી ખોટા સમાચાર મળ્યા કે પપ્પા બિમાર છે અને સિવિલમાં દાખલ કર્યા છે. ચારે દીકરીઓ સમાચાર સાંભળી જે સાધન મળ્યું તેમાં ગાંધીનગર દોડી આવ્યા. સીધા સિવિલમાં પહોંચ્યા. બધે ફરી વળ્યા. મારો પત્તો ન લાગતાં સેકટર-૫ માં ઘરે આવ્યાં. ઘરે મને જોઈ હાશ થઈ પણ તેઓ મારા પુત્રને ધમકાવવા માંડ્યા. પપ્પાની તબિયત બગડી હતી. તેની અમને જાણ કેમ ન કરી? પુત્રોએ જણાવ્યું આવું કંઈ થયું નથી. પણ દીકરીઓ રડવા લાગી કે તમો અમારાથી વાત છુપાવો છો. મારે તેમને શાંત કરવી પડી. બેટા! મને કંઈ જ થયું નથી. તમારા ભાઈઓ મારી ખુબ સંભાળ રાખે છે. આટલું કહેતા કેશરીસિંહની આંખમાથી આંસુ ટપકી પડ્યા. આ આંસુ હરખનાં હતા. દીકરીઓની લાગણીથી તેઓ એટલા ભાવવિભોર બની ગયા કે કયાંક સુધી એમનું હૃદય રડ્યા જ કર્યું. એક વિધુર બાપને દીકરીઓનો આવો સ્નેહ મળે પછી તેને પત્નીની વિખુટા પડવાનો વસવસો રહે ખરો? સાચે જ દીકરીને વ્હાલનો દરિયો કંઈ અમસ્તો કહેવાયો હશે?

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૩

સૂર્યાસ્ત : ૭.૧૯

## તાપમાન

મહત્તમ : ૩૪.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૭.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૮ ટકા ● સાંજે ૬૨ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: **સ્ક્રીન-૧** :

જીસ્મ-૨ : ૧૨.૦૦, ૨.૩૦, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૩૦

: **સ્ક્રીન-૨** : જીસ્મ-૨ : ૧૦.૦૦

કયા સુપર કુલ હે હમ : ૧૨.૩૦, ૩.૧૫, ૧૦.૧૫

ટોટલ રીકલ(હિન્દી) : ૫.૪૫, ૮.૦૦

: **સ્ક્રીન-૩** : ટોટલ રીકલ (હિન્દી) : ૧૧.૩૦, ૧૦.૩૦

બોલ બચ્ચન : ૨.૦૦

કયા સુપર કુલ હે હમ : ૫.૦૦, ૭.૪૫

: **સ્ક્રીન-૪** : ફોર્મ સેન્ડી વીથ લવ : ૧૦.૦૦

યે મોહબ્બત હૈ : ૧૨.૪૫

જીસ્મ -૨ : ૩.૩૦

કૉકટેલ : ૭.૦૦

બોલ બચ્ચન : ૧૦.૦૦

આલાપ : ૫.૦૦

### સિને મેક્સ

: **સ્ક્રીન-૧** :

ટોટલ રીકલ(હિન્દી) : ૯.૦૦, ૧.૩૦, ૬.૩૦, ૧૦.૪૫

આઈસ એઝ ૪:કોન્ટીનેન્ટલ ડ્રિફ્ટ (૩ડી) હિન્દી): ૧૧.૩૦, ૮.૪૫,

ક્રિષ્ના ઔર કંસ ૩ડી : ૩.૪૫

: **સ્ક્રીન-૨** : જીસ્મ-૨ : ૧૦.૪૫

કયા સુપર કુલ હે હમ : ૧.૩૦, ૭.૩૦, ૧૦.૧૫

ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૪.૧૫

: **સ્ક્રીન-૩** : જીસ્મ-૨ : ૯.૦૦, ૨.૧૫, ૭.૪૫, ૧૦.૩૦

કયા સુપર કુલ હે હમ : ૧૧.૩૦, ૫.૦૦

: **સ્ક્રીન-૪** :કયા સુપર કુલ હે હમ : ૧૦.૦૦,

જીસ્મ-૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૩૦, ૯.૧૫

### સૂર્યા, વાવોલ

જીસ્મ-૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

દેશ પરદેશ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ધાર્મિક

- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ,ગાંધીનગર દ્વારા કિશોરભાઈ ત્રિવેદી, ૧૧૫૭, સેકટર-૩/ડી,ના નિવાસ સ્થાને શિવમહિમ્ન પાઠ યોજાશે.
- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા બંકીમભાઈ મહેતા, પ્લોટ નં. ૬૬૮/૨,પંચવટી પાર્ક, ખાતે શિવ મહિમ્ન સ્તોત્રમ્ પાઠ અને સ્તૃતિ વંદના રાત્રે ૯. કલાકે યોજાશે.
- શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ, ગાંધીનગર દ્વારા હંસાબેન જોશી, ૬૬૬/૧, સેકટર-૭/બી, સ્તૃતિ વંદના.
- શ્રી રામજી, મંદિર શ્રીરામ ધામ વાવોલ ખાતે શ્રાવણ માસ નિમિતે સવારથી રૂદ્રાક્ષના પ્રકાર તથા મહિમા.
- રાત્રે ૮.૩૦ કલાકે, શ્રી વિસનગરા નાગર પરિવાર દ્વારા ડૉ. પ્રમોદચંદ્ર નવીનચંદ્ર મહેતા પ્લોટ નં. ૧૧૦૪/૨, સેકટર-૨/ડી,ના નિવાસ સ્થાને શિવમહિમ્ન સ્તોત્રમ્ તથા સ્તૃતિ વંદના.

## આપની આજ

**મેષ** : આર્થિક રોકાણ સમજી વિચારીને કરવું. મિત્રોની સાથે સમય પસાર થઈ શકશે. રોગ, ઋણ, શત્રુ સંબંધી કાર્યોમાં ખર્ચ, પ્રવાસનું આયોજન થશે.

**વૃષભ** : પર્યટન આમોદ-પ્રમોદના વિશિષ્ટ યોગ બની રહ્યો છે. કોર્ટ-કચેરીમાં વિજય મેળવી શકશો. શત્રુ પરાસ્ત થશે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. આરોગ્યમાં સુધારો થઈ શકશે.

**મિથુન** : રાજકીય- સામાજિક સમસ્યાઓમાં સહયોહ કરવો પડશે. ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યો થઈ શકશે. આર્થિક કાર્યોમાં વિશેષ યાત્રા પ્રવાસ ગોઠવાશે.

**કર્ક** : ધાર્મિક કાર્યોમાં મન લાગશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વધારો થશે.

**સિંહ** : વાહન સુખની પ્રાપ્તિ થઈ શકશે. સામાજિક કાર્યોમાં યશ અને સન્માનમાં વધારો થશે. વ્યાપાર સારો ચાલશે. આરોગ્ય તરફ બેદરકાર ન રહેવું.

**કન્યા** : મિત્રો અને કુટુંબની સભ્યોનો સાથ સહકારથી કાર્યમાં પ્રગતિ થઈ શકશે. કૌટુંબિક સુખથી મન પ્રસન્ન રહેશે. વિનમ્રતા અને સામંજસ્યથી કામ કરવું પડશે.

**તુલા** : કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. તેને તેનું આયોજન થશે. ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધનો યોગ બને છે.

**વૃશ્ચિક** : આર્થિક ક્ષેત્રમાં સમસ્યાઓ ઉભી થવાની સંભાવનાઓ છે. નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. ખાનપાનમાં સંયમ રાખવું.ઉચ્ચસ્તરીય સન્માન પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : વિચારેલા કાર્ય આજે પૂર્ણ થઈ શકે છે. શારીરિક સુખ પ્રાપ્તિ થવાનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં માન- સન્માન, પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે. સંચિત ધનમાં વૃદ્ધિ થવાની શકયતાઓ છે.

**મકર** : આપ પોતાની બુદ્ધિ બળે કાર્યમાં વૃદ્ધિ થઈ શકશે. શત્રુઓથી હાનિ થવાની સંભાવનાઓ છે. કાયદાકીય બાબતોમાં આપને સફળતા પ્રાપ્ત થઈ શકશે.

**કુંભ** : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થવાની સંભાવના છે. જ્ઞાન શોધના કાર્યોમાં મન લાગશે. ધ્યાન, સમાધિ, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્ય થઈ શકશે.

**મીન** : માનસિક શાંતિ જાળવી રાખવી. નવા સંબંધો બંધાશે. ઘરમાં મહેમાન આવી શકે છે. વ્યાપાર-વ્યવસાયમાં દિવસ મધ્યમ રહેશે. મિત્રોનો સહકાર મળી રહેશે.

## ચિરવિદાય

- સ્વ. ખોડાજી ઈશાજી ઠાકોર (ઉ.વ. ૬૫ ) મુ.પો. ધોળાકુવા, તા.માણસા, જિ. ગાંધીનગર.